## –:::જાહેરનામુ:::–

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંકઃજી/સીપી/ડી.સી.પી.–ક્રાઈમ/જાહેરનામું/૧૦૪ /૨૦૨૨
પોલીસ કમિશ્નરની કચેરી,
વડોદરા શહેર. તા.૧૮/૧/૨૦૨૨

**હુકમ :–**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે અને શહેરમાં મિલ્કત સબંધી/શરીર સબંધી/અન્ય પ્રકારનાં બનતા ગુનોઓનું પ્રમાણ ઘટાડી શકાય અને બનેલ ગુનાઓ શોધી શકાય તે હેતુથી તેમજ ઈન્ટેલીજન્સ બ્યુરો તરફથી વખતો–વખત આંતકવાદી પ્રવૃતિઓ સબંધમાં મળતા ઈનપુટો અંગે આંતકવાદીઓ/દેશ વિરોધી પ્રવૃતિ કરતા અસામાજીક સંગઠનો ધ્વારા શહેરની શાંતી/ સલામતીને હાની પહોચાડે નહી અને આ પ્રકારની અસમાજીક પ્રવૃતિઓ ઉપર જરૂરી નજર રાખી શકાય તે હેતુથી તકેદારીનાં ભાગ રૂપે શહેરમાં આવેલ જુદી–જુદી જાહેર જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું ડો.શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ લગ્ન તથા સામાજીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથીગૃહો કે જયાં જાહેર જનતા સામાજીક પ્રસંગોનું આયોજન કરે છે તેવા તમામ પાર્ટી પ્લોટ બીલ્ડીંગનાં અંદરનાં તેમજ બહારનાં ભાગે તથા શહેરમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો ,ગેસ ફીલીંગ સ્ટેશનો વાળી તમામ જગ્યાનાં સમગ્ર એરીયા આવરી લે તે રીતેનાં તથા શહેરમાં આવેલ તમામ બેન્કો/ગેર બેન્કીગ સંસ્થાઓ, કિંમતી ઝવેરાત વેચનાર/ રાખનાર દુકાનદારો, શહેરમાં આવેલ જી.એસ.એફ.સી., જી.એ.સી.એલ., હેવી વોટર પ્લાન્ટ, ઓ.એન.જી.સી., રીલાયન્સ તથા તમામ પ્રાઈવેટ કંપનીઓ, શોપીગમોલ, મલ્ટીપ્લેકસ, થીયેટરો, શોપીગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલ, રેસ્ટોરન્ટ, ફાસ્ટફુડ પાર્લર, ગેસ્ટ હાઉસ, લોજીંગ, બોર્ડીગ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહો, બહુમાળી બિલ્ડીગો, રહેણાક સોસાયટીઓ/બિલ્ડીગો તેમજ મોટા ધાર્મિક સ્થળોએ તથા શહેર કાર્યક્ષેત્રમાં આવેલ તમામ ટોલનાકા વિગેરે તમામ સ્થળોનાં વહીવટકર્તા/ ઉપભોકતાઓ / માલિકોએ પુરતા પ્રમાણમાં પોત–પોતાનાં બિલ્ડીંગ / વિસ્તારનો સમગ્ર ભાગ આવરી લે તે રીતેનાં હાઈડેફીનેશન /નાઈટ વિઝન ધરાવતાં સી.સી.ટીવી કેમેરા મુકવા /રાખવા માટે આદેશ કરવામાં આવે છે.

### "સી.સી.ટીવી કેમેરા લગાડવાનાં નિયમો"

(૧) તમામે સી.સી.ટીવી કેમેરાનું બેક–અપ/રેકોડીગનો સંગ્રહ ઓછામાં ઓછા ૩૦ દિવસ (ત્રીસ દિવસ) સુધી રાખવાનું રહેશે.

(૨) ઉપરમાં જણાવેલ તમામ જગ્યાનાં વહીવટકર્તા/ઉપભોકતાઓ/માલિકોએ સી.સી.ટીવી કેમેરા સતત ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) દરેક જગ્યાની અંદરનાં/બહારનાં ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીગ એરીયા, તથા પ્રવેશ કરવાનાં અને બહાર નિકળવાનાં વિસ્તારમાં અવર–જવર કરતા તમામ માણસો અને વાહનોને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતેનાં પુરતા પ્રમાણમાં કેમેરા લગાડવા.

(૪) રાત્રીનાં સમયે પણ સી.સી.ટીવી કેમેરાનું રેકોર્ડીગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતનાં નાઈટ વિઝન અથવા–આઈ.આર.હાઈડેફીનેશન કેમેરા લગાડવાનાં રહેશે અને જરૂરી પ્રકાશ(લાઈટીગ)ની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સી.સી.ટીવી કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર.જયારે પણ અધિકૃત–અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલીફોન સંપર્ક ઉપર સતત હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

### – : અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :–

આ હુકમનો અમલ તા.૧૯/૧/૨૦૨૨નાં ક.૦૦/૦૦ થી તા.૧૯/૩/૨૦૨૨ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતનાં ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

(પાછળ)